અપીલ અરજી નં.૨૬૯ તા.૧૫–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ગોવિંદભાઈ ફાગુભાઈ સાલવી

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગોવિંદભાઈ ફાગુભાઈ સાલવીની તા.૧૪–૧૦–૦૯ ની અરજીથી ટેનામેન્ટ નં.૩૧સી–૦૧–૦૦૪૧–૦–૦૦૧ પ્લોટ નં.૫ સાંઈબાબા નગર ઉધનાના ૧૯૮૩ થી ખરીદનાર અને વેચનાર વ્યકિતઓના નામ સરનામા અને ખરીદ વેચાણની તારીખની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૯/૨૦૦૯–૧૦

શ્રી ગોવિંદભાઈ ફાગુભાઈ સાલવીની તા.૧૪–૧૦–૦૯ ની અરજીથી ટેનામેન્ટ નં.૩૧સી–૦૧–૦૦૪૧–૦–૦૦૧ પ્લોટ નં.૫ સાંઈબાબા નગર ઉધનાના ૧૯૮૩ થી ખરીદનાર અને વેચનાર વ્યકિતઓના નામ સરનામા અને ખરીદ વેચાણની તારીખની માહિતી આપવા બાબતે મળેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૨૭ તા.૨૧–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, માહિતી મળ્યાની નકલ તથા નારાજગી અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે ફી ભર્યાની રસીદની નકલ, મુળ અરજીની નકલ તથા સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૨૫૭ તા.૧૩–૧૧–૦૯ ની નકલ તથા અપીલ અરજીની સ્વીકૃતિ પહોંચ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૧૨ તા.૩–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/૧૨૫૭ તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતો તરીકે મળેલ છે.

અરજદારની તા.૧૪–૧૦–૦૯ ની અરજીથી ટેના નં.૩૧સી–૦૧–૦૦૪૧–૦–૦૦૧ સાંઈબાબાનગર પ્લોટ નં.૫, બમરોલી રોડ, ઉધના ખરીદનાર અને વેચનાર વ્યકિતઓના નામ સરનામા અને ખરીદ વેચાણની તારીખ અને નામ ફેરફારની વિગત ૧૯૮૩ થી ૨૦૦૯ સુધીના સમયગાળાની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના તા.૪–૫–૧૯૯૯ થી ખરીદનારના નામ સરનામાં શ્રી સીતારામભાઈ ગણેશભાઈ પટેલ, રહેવાસી પ્લોટ નં.૭, સાંઈબાબાનગર, કો.આ.હા.સો.,ઉધના,સુરત તથા નિલેશભાઈ મણીલાલ પટેલ રહેવાસી પ્લોટ નં.૭, સાંઈબાબાનગર, કો.આ.હા.સો.,ઉધના,સુરત તથા વેચનારમાં શ્રી રામચંદ્ર કાશીનાથ, યમુનાબેન કાશીનાથ, હંસાબેન કાશીનાથ, કૌશલ્યાબેન કાશીનાથ, આશાબેન કાશીનાથ, ધનરાજભાઈ કાશીનાથ, કૃષ્ણા કાશીનાથ રહેવાસી સાંઈબાબાનગર, કો.આ.હા.સો.,ઉધના,સુરતના કુલ મુખત્યાર શ્રી રામચંદ્ર મરકુ રહેવાસી સાંઈબાબાનગર, કો.આ.હા.સો.,ઉધના,સુરત જણાવેલ છે. તથા તે સિવાયની માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. પરંતુ તે અંગેનું વાજબીપણું દફતર ઉપલબ્ધ નહીં હોવાનું મિલ્કત સબંધી વિગતો રજૂ થયેલ ન હોવાની કોઈ વિગતો જણાવેલ નથી. જેના સંદર્ભે અરજદારે તા.૧૫–૧૧–૦૯ ના રોજ અધૂરી માહિતી મળેલ હોવાથી અપીલ અરજી કરેલ છે. ૧૯૮૩ થી માંગવામાં આવેલી માહિતી તા.૪–૫–૯૯ થી માહિતી આપેલ છે પરંતુ અગાઉની માહિતી આપેલ નથી તેથી માહિતી અધૂરી છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે. તેથી તે અંગે અપીલમાં વિશેષ કોઈ હુકમ કરવાનો રહે નહીં તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી બાબત હેઠળની મિલ્કતના લાગત દફતરની તપાસણી કરી શકે છે. જે અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી રજૂઆત થયે અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગોવિંદભાઈ ફાગુભાઈ સાલવી,